પ્રધાનમંત્રીએ કિર્ગિઝ ગણરાજ્યના બિશ્કેકમાં આયોજિત 26મા SCO શિખર સંમેલનમાં ભાગ લીધો (01 સપ્ટેમ્બર, 2026)

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે 31 ઑગસ્ટ - 01 સપ્ટેમ્બર, 2026 દરમિયાન કિર્ગિઝ ગણરાજ્યના બિશ્કેકમાં આયોજિત શાંઘાઈ સહકાર સંગઠન (SCO) ના રાષ્ટ્રાધ્યક્ષોની પરિષદની 26મી બેઠકમાં ભાગ લીધો હતો.

2. આ વર્ષે SCO ની 25મી વર્ષગાંઠ છે. આ પ્રસંગે, નેતાઓએ થયેલી પ્રગતિની સમીક્ષા કરી અને પ્રદેશમાં શાંતિ, સુરક્ષા, સ્થિરતા અને સમૃદ્ધિ માટે SCO ની ભૂમિકાને વધુ સુદૃઢ બનાવવા અંગેના વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

3. પ્રધાનમંત્રીએ તેમના સંબોધનની શરૂઆત કિર્ગિઝ ગણરાજ્યના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી સાદિર ઝાપરોવનો તેમની હૂંફ અને આતિથ્ય માટે આભાર વ્યક્ત કરીને કરી. તેમણે નોંધ્યું કે શિખર સંમેલનની 25મી વર્ષગાંઠ SCO દ્વારા વિકસાવવામાં આવેલી સંવાદ અને સહયોગની મજબૂત પરંપરાના આધારે આગામી 25 વર્ષ માટેનો રોડમૅપ તૈયાર કરવાનો યોગ્ય સમય છે. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા શિખર સંમેલનમાં ભારતે સુરક્ષા, જોડાણ અને તકો અંગેનો પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો હતો અને હવે જૂથે સંયુક્ત કાર્યના આ ત્રણ સ્તંભોમાં નક્કર પરિણામો હાંસલ કરવા માટે કામ કરવું આવશ્યક છે. તેમણે ભારતના આ વલણનો પુનરોચ્ચાર કર્યો કે સંઘર્ષોનું નિરાકરણ યુદ્ધક્ષેત્ર પર લાવી શકાતું નથી અને સંવાદ તથા કૂટનીતિ જ આગળ વધવાનો એકમાત્ર માર્ગ છે. આતંકવાદ માનવતા માટે ગંભીર ખતરો છે તે બાબત પર ભાર મૂકતાં, તેમણે આતંકવાદી ઇકોસિસ્ટમને ખતમ કરવા માટે દૃઢ પગલાં લેવા હાકલ કરી. તેમણે ખાસ કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદ સામેની લડાઈમાં કોઈપણ પ્રકારના બેવડા ધોરણો ન હોવા જોઈએ. યુરેશિયા ક્ષેત્રની સુરક્ષા અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતા સાથે ગાઢ રીતે સંકળાયેલી હોવાનું નોંધતાં, તેમણે અફઘાનિસ્તાનને ભારત દ્વારા આપવામાં આવતી વિકાસલક્ષી અને માનવતાવાદી સહાય પર પ્રકાશ પાડ્યો.

4. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે જૂથની સહિયારી પ્રગતિ અને સમૃદ્ધિ માટે મજબૂત અને વિશ્વસનીય કનેક્ટિવિટી પહેલ મહત્વપૂર્ણ છે. ભારત બજારોને જોડતા, વેપારને વેગ આપતા અને વિકાસ માટે નવી તકો ઊભી કરતા કનેક્ટિવિટી સંબંધી પ્રયાસોને સમર્થન આપે છે તે બાબત પર ભાર મૂકતાં, તેમણે પુનરોચ્ચાર કર્યો કે આવા પ્રયાસોએ દેશોના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનો આદર કરવો જોઈએ. તેમણે વધુમાં વિગતવાર જણાવ્યું હતું કે ટેક્નોલોજી, ઉદ્યોગસાહસિકતા, નવીનતા, સ્ટાર્ટ-અપ્સ અને લોકોથી લોકોની પહેલ SCO દેશોમાં લોકો માટે અપાર તકો ખોલે છે. આ સંદર્ભમાં, તેમણે કિર્ગિઝસ્તાનની અધ્યક્ષતા હેઠળ યુવાનોની ભાગીદારી પર આપવામાં આવેલા ભારની પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત આ વર્ષના અંતમાં SCO સિવિલાઇઝેશન ડાયલોગ ફોરમની પ્રથમ આવૃત્તિનું આયોજન કરવા માટે આનંદિત થશે. સભ્ય દેશો વચ્ચે સભ્યતાગત આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે આ ભારતની મુખ્ય પહેલ રહી છે.

5. બિશ્કેક ઘોષણા ઉપરાંત, આ શિખર સંમેલનમાં જળવાયુ, પરમાણુ સુરક્ષા, ઊર્જા સંરક્ષણ અને માદક દ્રવ્યોના વ્યસન સામેની લડત જેવા વિવિધ ક્ષેત્રોમાં ચાર MoU તથા વીસથી વધુ નિર્ણયો અને નિવેદનો અપનાવવામાં આવ્યા હતા.

6. ભારતે બિશ્કેક ઘોષણામાં સ્થાન પામેલી અનેક પહેલોનું નેતૃત્વ કર્યું અને તેમને સમર્થન આપ્યું, જેમ કે SCO ચાર્ટરમાં અંગ્રેજીને સત્તાવાર ભાષા તરીકે સ્થાન; સભ્યતા સંવાદ મંચ; યુવા વૈજ્ઞાનિક મંચ; અને યુવા લેખક સંમેલન.

7. પ્રધાનમંત્રીએ શિખર સંમેલનના સફળ આયોજન માટે રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી સાદિર ઝાપરોવનો આભાર માન્યો. તેમણે સહિયારી પ્રગતિ અને સમૃદ્ધિ માટે SCO પરિવાર સાથે મળીને કામ કરવાની ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. પ્રધાનમંત્રીનું સંપૂર્ણ સંબોધન અહીં જોઇ શકાય છે (link)

બિશ્કેક

01 સપ્ટેમ્બર, 2026